# જેલમાંથી વચગાળાના જામીન ઉપર મુક્ત થઈ છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા કેદીને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં જેલમાંથી પેરોલ/ફર્લો, વચગાળાના જામીન લઈ જેલમાં પરત નહી ફરતા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ એસ.ઓ.જી. શાખાના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ASI ભરતભાઈ દેવીદાસભાઈ તથા HC ધર્મેશભાઈ લલ્લુભાઈ નાઓને બાતમી હકિકત મળેલ કે આજથી ચારેક વર્ષ પહેલા સગરામપુરા, રૂદરપુરામાં રેલ રાહત કોલોનીમાં અગાઉના ઝઘડાની અદાવતમાં થયેલ ઝઘડામાં રાજેશ નામના યુવકનું ખુન થયેલ અને તે બાબતે અઠવા પો.સ્ટે. ના I ગુ.ર.નં. ૬૬/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબના ગુન્હો દાખલ થયેલ અને તેના આરોપી વિશાલ દિપક ઉર્ફે કિરીટભાઈ ગાયકવાડ રહે. ૩૨, રેલ રાહત બોમ્બે કોલોની રૂદરપુરા સુરતવાળો આ ગુન્હાના કામે લાજપોર જેલમાં કાચા કામનો કેદી તરીકે સજા કાપતો હતો દરમ્યાન કેદીએ પોતાને થયેલ માનસીક બિમારીની સારવાર કરવાના બહાને લાજપોર મધ્યસ્થ જેલથી તા.૨૮/૦૪/૨૦૧૭ થી તા.૧૨/૦૫/૨૦૧૭ સુધી વચગાળાના જામીન ઉપર મુક્ત થયા બાદ પરત જેલ ખાતે હાજર થયેલ નહી અને છેલ્લા અઢી વર્ષથી નાસતો ફરતો હોય અને આ આરોપી (કેદી) નવસારી મુકામે રહેતો હોવાની બાતમી આધારે એસ.ઓ.જી.ના પોલીસ માણસો આરોપી (કેદી)ના ગામ:-તાવીયર તા.ગણદેવી જી.નવસારી ખાતે તપાસ કરતા મજકુર કેદી મળી આવતા તેને પકડી પાડી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.